# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 08-09-2025 Day: Monday Morning : 6.50 to 6.55 am**

આકાશવાણી ભુજ સમાચાર **કલ્પના શાહ** વાંચે છે.

---

## સિંચાઈ વિભાગ-એલર્ટ,ચેતવણી જિલ્લામાં 24 કલાકમાં થયેલ વરસાદ:

જિલ્લામાં છેલ્લા બે-ત્રણ દિવસથી થઈ રહેલા અનરાધાર વરસાદને પગલે ઠેર-ઠેર નદી-નાળા-જળાશયો જળબંબાકાર બન્યા છે. તેવામાં ગઈરાત્રે 10 વાગ્યે જિલ્લાના સિંચાઈ વિભાગ દ્વારા જાહેર કરાયેલ વિગતો અનુસાર નખત્રાણા તાલુકાનો નિરોણા ડેમ ઓવરફ્લો થતાં નિરોણા,ઓરીરો ઉપરાતં વધારાના ગામા હરીપરા,અમરગઢ તેમ લક્ષ્મીપુરા ગામને ચેવણી આપવામાં આવી છે. બીજી બાજુ રાપર તાલુકાનો ફતેગઢ જળાશય 80 ટકા ભરાંતા ગેડી, ફતેગઢ ગામોને એલર્ટ અપાયુ છે. તો સુવી જળાશય 74 ટકા ભરાતા ગવરીપર અને સુવઈ ગામોને પણ ચેતવણી અપાઈ છે. રાપરના ખડીર પંથકમાં છેલ્લા બે ત્રણ દિવસથી રતનપર, અમરાપર, ધોળાવીરી, જમણ,ખારોડા,ગઢડા,કલ્યાણપર,બાંભણકા સહિતના ગામોમાં અવિરત વરસાદને પગલે અમરાપર-શિરાનીવાંઢ વચ્ચેના રણમાં પાણીની આવકથી સમગ્ર વિસ્તાર જળબંબાકાર બન્યો છે.

જિલ્લામાં થયેલા વરસાદ અંગે જિલ્લા કંન્ટ્રોલરૂમ પાસેથી મળેલી માહિતી અનુસાર વીતેલા 24 કલાકમાં સૌથી વધુ રાપર તાલુકામાં 317 મીલીમિટર,ગાંધીધામ તાલુકામાં 87 મિલીમીટર, અંજારમાં 83,ભુજ 76,ભચાઉ 74, લખપત 65,નખત્રાણા 57,મુંદરા 24,અબડાસામાં 21 અને માંડવી તાલુકામાં સૌથી ઓછો 15 મીલીમીટર વરસાદ નોધાયો છે.

-----------------------------------------------------------------------------------------

## પ્રાથમિક,માધ્યમિક શાળાના આચાર્યોને સુચના:

જિલ્લાની તમામ પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં હાલની ભારે વરસાદની પરિસ્થિતિને અનુરૂપ જો આજે પણ વરસાદ સતત ચાલુ રહે અને શાળામાં શૈક્ષણિક કાર્ય શક્ય ન હોય તો વિદ્યાર્થીઓને શાળાએ ન બોલાવવા સુચના અપાઈ છે. આચાર્યએ સ્થાનિક પરિસ્થિતિ પ્રમાણે વિવેકબુદ્ધિ મુજબ નિર્ણય લેવાનો રહેશે.વધુમાં વિદ્યાર્થીઓ નદી, નાળા કે તળાવ ખાબોચિયામાં ન જાય તે મુજબની સૂચના વિદ્યાર્થીઓને આપવાની રહેશે.જો આજે શાળામાં શિક્ષણ કાર્ય શક્ય ન હોય તેવી માધ્યમિક શાળાઓના આચાર્યઓએ સંબંધિત બીટ નિરીક્ષકને તથા પ્રાથમિક શાળાના આચાર્યઓએ સબંધિત CRC કો.ઓર્ડીનેટરને જાણ કરવાની રહેશે તેવુ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી તથા જિલ્લા શિક્ષણ અધિકારી કચ્છ ભુજનીની યાદીમાં જણાવાયુ છે.

---

## મોટા યક્ષનો મેળો બંધ રાખવા નિર્ણય:

નખત્રાણા તાલુકાના મોટા યક્ષ ખાતે યોજાતો ભાતીગળ મિનીતરણેતર સમાન શ્રી મોટાયક્ષનો મેળો હાલની અતિભારે વરસાદની આગાહી તેમજ વહીવટીતંત્રની સુચનાઓને ધ્યાનમાં લઈ આજે અને આવતીકાલે માટે મેળો બંધ રાખવાનું મોટા યક્ષ મેળા આયોજન સમિતી દ્વારા નક્કી કરવામાં આવ્યુ છે. આ ઉપરાંત આગામી 10,11,12 અને 13 મી સપ્ટેમ્બરે મેળો યોજવા આયોજન કરાયુ છે.

---

## અંજાર-ટાંકામાં પડી જતાં બે બાળકોના મૃત્યુ :

અંજાર શહેરમાં ગઈકાલે બનેલી કરૂણ ઘટના અંતર્ગત શહેરના કર્મચારી કોલોનીમાં રહેતા શ્રમજીવી પરિવારના બે બાળકો પાણી ભરેલા ટાંકામાં ડૂબ્યા હતા. જેથી તે બન્નેના મૃત્યુ થતાં શોક ફેલાયો છે.અંજારમાં કર્મચારી કોલોની નજીકમાં મકાન બાંધકામ માટે બનાવાયેલા ખુલ્લા પાણીના ટાંકામાં નજીકમાં રહેતા શ્રમજીવી પરિવારના બે બાળકો રમતા રમતા અકસ્માતે પડી

ગયા હતા. 6 અને 7 વર્ષના આ બન્ને બાળકો ટાંકામાં ડૂબી જતાં તેમનું મૃત્યુ નીપજ્યુ હતું. ઘટનાના પગલે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

---

## વરસાદ અંગે આગાહી:

આગામી ત્રણ દિવસ રાજ્યમાં ભારે વરસાદની આગાહી છે. બનાસકાંઠા, મહેસાણા, પાટણ, અને કચ્છ માટે અતિભારે વરસાદનું રેડ એલર્ટ જાહેર કરાયું છે. પશ્ચિમ દિશામાં સક્રિય થયેલા ડિપ્રેશન અને મોન્સૂન ટ્રફના કારણે ઉત્તર ગુજરાતમાં અત્યંત ભારે વરસાદની આગાહી છે જોકે 3 દિવસ બાદ રાજ્યમાં વરસાદનું જોર ઘટશે તેમ હવામાન વિભાગના વૈજ્ઞાનિક અભિમન્યુ ચૌહાણે જણાવ્યું.

---

## ભારે વરસાદને પગલે વહીવટી તંત્ર સર્તક:

ભારે વરસાદની આગાહીને પગલે કચ્છનું વહીવટી તંત્ર સતર્ક બન્યું છે. જીલ્લા કલેક્ટરે જાહેરનામું બહાર પાડી ડેમ, કોઝ-વે અને પાપડી જેવા પાણી ભરાતા વિસ્તારોમાં જવાનું ટાળવા અનુરોધ કર્યો છે. અધિકારી-કર્મચારીઓને હેડક્વાર્ટર ન છોડવાના આદેશ આપવામાં આવ્યા છે.નગરપાલિકા કક્ષાએ તકેદારીના પગલાં લેવામાં આવી રહ્યા છે. માંડવી નગરપાલિકાએ કર્મચારીઓને વિશેષ ફરજ સોંપી છે.ભારે વરસાદની આગાહીના પગલે દરિયામાં મોજા ઉછળવાની શક્યતાને કારણે માછીમારોને આગામી 10 સપ્ટેમ્બર સુધી દરિયો ન ખેડવા ચેતવણી આપવામાં આવી છે.

દરમ્યાન, નાગરિકોની સુરક્ષાને ધ્યાને રાખીને સાવચેતીના પગલા રૂપે જીલ્લાના સમગ્ર દરિયાકાંઠા વિસ્તારમાં જવા પર રોક લગાવવામાં આવી હોવાનું જાણવા મળ્યુ છે.બંદરીય શહેર માંડવીના બીચ પર સહેલાણીઓની અવરજવર પર પ્રતિબંધ મૂકી દેવામાં આવ્યો છે.

---

## ગુજરાત-રેસ્કયુ:

રાજ્યમાં ભારે વરસાદથી અસરગ્રસ્ત વિસ્તારોમાં એક હજાર 54 લોકોને બચાવી લેવાયા છે જ્યારે 7 હજાર 177 લોકોને સાવચેતીના ભાગરૂપે સુરક્ષિત સ્થળે ખસેડાયા છે. તેમાં સાબરકાંઠાના ખેડબ્રહ્મા નજીક સાબરમતી નદીમાં ફસાયેલા નવ લોકોને બચાવી લેવાયા છે.

દ્વારકામાં ભારતીય તટરક્ષકદળે માછીમારોને નજીકના બંદર પર પોતાની બોટ લાંગરી લેવા સૂચના આપી છે.

---